શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપંક

વર્ષ : ૧૫
અંક : ૪

## સામાન્ય સભા

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રની વાર્ષિક સામાન્ય સભા તારીખ ૧૯/૫/૧૨ના રોજ ૧૪ કલાકે નીચે દર્શાવેલ કાર્યસુચિ મુજબના કામકાજ માટે ૨૬, ઓમનગર(૩), હનુમાનપરા રોડ, ગોકુલ ગાર્ડન સામે, અમરેલી ખાતે મળશે તો તમામ સામાન્ય સભ્યોએ ઉપસ્થિત રહેવા વિનંતી છે.

## કાર્યસૂચિ

૧. ગત સાધારણ સભાની કાર્યવાહી નોંધ વંચાણે લઈ મંજુર કરવા બાબત.
૨. ગત વર્ષનો હિસાબ, અંદાજપત્ર તથા વાર્ષિક અહેવાલની મંજુરી બાબત..
૩. અન્ય સમિતીઓમાં થયેલ કાર્યવાહીને બહાલી આપવા બાબત.
૪. સંસ્થાની પોલીસી/બંધારણમાં ફેરફાર બાબત
૫. અધ્યક્ષ સ્થાનેથી રજુ થાય તે

સહી–પુષ્પા ગોહિલ
તા. ૩૦/૦૪/૨૦૧૩ મંત્રી

## ખાસ નોંધ :

સામાન્ય સભામાં કોઈ સભ્યએ પ્રસ્તાવ, પ્રશ્ન કે ઠરાવ મુકવાના હોય તો બેઠકના ચાર દિવસ અગાઉ કાર્યાલયે પહોચાડવા વિનંતી છે.

## વાર્ષિક સંમેલન

સંસ્થાનું ચોત્રીસમું વાર્ષિક સંમેલન તા. ૧૯/૦૫/૨૦૧૩ના રોજ સવારના ૧૦–૦૦ કલાકે સંસ્થાના અમરેલી કાર્યાલય પર યોજેલ છે. સંસ્થા સાથે જોડાયેલ તમામ સંસ્થાઓ, સંસ્થાના સાથી મિત્રો, ભુતપુર્વ તથા હાલના સ્ટાફગણ, સંસ્થાના સભાસદો, શુભેચ્છકો સૌને આ સંમેલનમાં ભાગ લેવા નિમંત્રણ છે. આપના પ્રતિભાવો / સૂચનો આવકાર્ય છે.

**પ્રિય વાચક મિત્રો,**

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફ્ટ થી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનાં નામે મોકલવા વિનંતી છે. આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો તેથી અન્ય લોકો તે વિશે માહીતગાર બનશે.

**આક્રમણ કરવાવાળા શત્રુથી ન ડરો પણ જે તમારી ખુશામત કરે છે તેવા મિત્રથી ડરો.**

## આજની વાસ્તવિક વેદના

નિર્ધન માણસ નકામો ગણાય છે. સંબંધોનું સૌંદર્ય કરમાઈ ગયું છે. માણસો મોટી મોટી પાર્ટીમાં મળે છે, પણ આત્મીયતા કયાંક ગુમ છે. હસવાનો ચાળો કરીએ છીએ પણ હસવાનું ભુલતા જઈએ છીએ. સૂર્યોદય અને સૂર્યાસ્તના નિખારની ખબર નથી.

રોમાંચ અને રોમાંસ ગુમાવી બેઠા છીએ. ચંદ્ર મહાસાગરને ચાંદનીની રાતે ખળભળાવી શકે છે, પણ માણસને ચંદ્ર જોઈને કશું થતું નથી. ચંદ્ર એ આકાશમાં ટાંગેલો ફુગ્ગો હોય તેનાથી વિશેષ કંઈ નથી. આંખ અને કાન રેડિયો, ટીવી ના ગુલામ છે. ભૂલે ચૂકે પંખી ટહુકે તો પણ કરમાયેલા કાન ટહુકાની નોંધ લઈ શકે તેમ નથી.

બાળકને વહાલ જોઈએ છે અને આપણે તેને વસ્તુ આપી દઈએ છીએ. બાળક રડે છે, ત્યારે તેને ચોકલેટથી ચૂપ કરી દઈએ છીએ. એના રુદનને સમજવાનો પ્રયત્ન જ નથી કરતા. જેને નાનપણમાં પ્રેમ ન આપ્યો હોય એ સંતાન મોટપણમાં ધિક્કારે પણ ખરા અને અપમાન પણ કરે.

સંતાનને પ્રેમની જરૂર હોય છે. સગવડો અને ગાડીઓ આપીને છૂટા મૂકી દે છે ને પછી ઘરની દુનિયામાં સંતોષ ન મળતાં એ બહારની દુનિયામાં સુખ શોધવાનો પ્રયત્ન કરે છે. પણ એ લવર મૂછીયા જુવાનને ખબર નથી હોતી કે બહારની દુનિયામાં જે મળે છે, એ સુખ નહીં પણ સુખનો આભાસ હોય છે.

ઘડિયાળના કાંટે દરેક દોડે છે, પણ શા માટે દોડે છે તેનું ભાન ને શાન બહુ ઓછાને છે. રાતોરાત કશુંક પામવું છે. જીવન શું છે, કોનો માટે છે, શા માટે છે એ વિષે વિચારવા પણ તૈયાર નથી. એ તો દોડે છે. આ દોડ ભયંકર છે. એમાં આનંદ નથી, પણ થાક છે.

બહુ મોડે મોડે ખબર પડે તેવો વિષાદ છે. માણસ સ્પૃહાથી જીવે છે.

ઈર્ષા અને ભયથી જીવે છે. બહુ ઓછા માનવ પોતાની શકિતને માણી અને પ્રમાણી શકે છે.

**સ્ત્રોતઃ– પ્રેરણાનું પુષ્પ–૩**

## જાણવા જેવુ

| | |
|---|---|
| ફોટોમીટર | : પ્રકાશ માપક સાધન |
| બેકમેન થર્મોમીટર | : તાપવિકારમાપક સાધન |
| બેરોમીટર | : વાયુભાર માપક સાધન |
| માઈક્રોમીટર | : સૂક્ષ્મતા માપક સાધન |
| મેખમીટર | : પરાધ્વની વેગ માપક સાધન |
| રિફેકટોમીટર | : વક્રીકારકતા માપક સાધન |
| લેકટોમીટર | : દુગ્ધ ઘનતા માપક સાધન |
| વાઈનોમીટર | : મદિરામાં મધાર્ક માપક સાધન |
| વેરીયોમીટર | : વિમાન ચડઉતરમાપક સાધન |
| સ્ફેરોમીટર | : ગોળાકારમાપક સાધન |
| સેલીનોમીટર | : ક્ષારતા માપક સાધન |

**સંકલન : પ્રતિભા મારૂ**

*આ જગતમાં ભાગ્યે જ એવી કોઈ વ્યકિત હશે કે જેનો એક પણ શત્રુ કે મિત્ર ન હોય.*

## ટીમ મીટીંગ :–

તારીખ : ૬/૫/૧૩ ના રોજ અમરેલી કાર્યાલય ટીમ મીટીગ મળી હતી. જેમાં નીચે મુજબ ચર્ચા કરવામાં આવી હતી.

## વાર્ષિક આયોજન ૨૦૧૩–૧૪

ગત મીટીગની કાર્યવાહી નોંધ પર ચર્ચા બાદ આગામી વર્ષ ૨૦૧૩–૧૪ ના આયોજન પર ટુંકી ચર્ચા કરવામાં આવી હતી. જેમાં દરેક પ્રોગ્રામને સંગત બાબતો પર શું આયોજન કરવું ? તેના પર વાત કરવામાં આવી હતી. ત્યારબાદ કઈ જવાબદારી કોને સોંપવી તેના પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. સંસ્થામાં ચાલતા કાર્યક્રમો અને પ્રવૃતિઓ વિશે પણ ચર્ચા કરવામાં આવી. આ વર્ષથી સુક્ષ્મ ધિરાણ અને ઉદ્યોગ સાહસિકતાને કાર્યક્રમ તરીકે જોડવા ચર્ચા થઈ. વહીવટ સંકલન તથા માળખાગત બાબતો અને સંસ્થાકીય પોલીસીથી નવા સ્ટાફને વાકેફ કરવા. પ્રોગ્રામ ઓફીસર, વહીવટી અધિકારી, એકાઉન્ટન્ટ, પ્રોગ્રામ ઓફીસર, દસ્તાવેજીકરણ સંભાળતી વ્યકિતઓએ કોરગૃપ મીટીગમા ચર્ચા માટે જરૂરી વિગતો મુકવી. કર્મચારીના પ્રશ્નો, એકાઉન્ટન્ટને લગતી બાબતો, દરખાસ્તો, નાણાકીય, વહીવટી વગેરે બાબતો જો તેમાં રજુ થાય તો તેના પર ચર્ચા કરી નિર્ણયો લઈ શકે છે.

## વાર્ષિક સાધારણ સભા

વાર્ષિક સાધારણ સભા (AGM) સંસ્થામાં દર વર્ષે મળે છે. તેથી આ વર્ષમાં યોજાવનાર વાર્ષિક સભા બોલાવવા માટેની તારીખો કારોબારી સમિતીમાં નકકી થયા મુજબ આગામી માસ મે ની ૧૯ તારીખે વાર્ષિક મીલન તથા સાધારણ સભા રાખેલ હોય આગલા દિવસે ટીમ મીટીગ રાખવાં નકકી થયું.

## સુચનો અને મંતવ્યો

સંસ્થાના કર્મચારીએ ૨૦૧૨–૧૩ ના વર્ષમાં અનુભવેલ મુશ્કેલીઓ, સફળતાઓ, લાગણીઓ, કાર્યપધ્ધતિ, દરમ્યાનગીરી અને ભવિષ્યના આયોજન પર સુચનો અને મંતવ્યો રજુ કર્યા હતા. આજની ટીમ મીટીગમાં આગામી ત્રણ માસ એપ્રિલ થી જુન ૨૦૧૩ માટે કર્મચારીઓને કરવાની થતી કામગીરી અને જવાબદારીઓ સોપવા બાબત ચર્ચા કરવામાં આવી હતી.

આ ઉપરાંત સ્ટાફના ક્ષમતા વર્ધન માટે જરૂરિયાત મુજબની તાલીમો આપવી આ ઉપરાંત આ મીટીગમાં નિર્ણય લેવામાં આવ્યો કે માસિક કામગીરી રિપોર્ટને કોમ્પ્યુટરમાં એકસલ શીટમાં બનાવી ઈમેઈલ થી મોકલી આપવા સ્ટાફના સભ્યોએ પણ પોતાના ઈમેઈલ બનાવી લેવા જેથી તેમને જરુર જણાય ત્યારે ઈમેઈલથી સંપર્કમાં રહી શકાય.

**કોઈપણ વ્યકિત અયોગ્ય હોતી નથી ફકત તેને પારખવાની દ્રષ્ટિ હોવી જરૂરી છે.**

## ફરજીયાત શિક્ષણનો અધિકાર

બંધારણે ૬ થી ૧૪ વર્ષનાં બાળકોને અનિવાર્ય અને મફત શિક્ષણનો અધિકાર આપેલો છે છતાં આજે આપણે ત્યાં બીડીનાં કારખાનાં, ખેતમજૂરીથી માંડી શિલ્પકારી કારીગરી, હોટલ રેસ્ટોરન્ટ્સ, ઘરકામ અને ત્યાં સુધી કે ફટાકડા અને કેમિકલ બનાવતાં જોખમી કારખાનાઓમાં પણ બાળકો પાસે તનતોડ મજૂરી કરાવવામાં આવતી હોય છે. જુવેનાઈલ જસ્ટીસ એક્ટ, ઈન્ટીગ્રેટેડ ચાઈલ્ડ પ્રોટેકશન સ્કીમ તથા બાળમજૂરી અંગેનો કાયદો અમલમા છે જ છતા આ પરિસ્થિતી છે

આપણાં દેશમાં એક તરફ એક એવો આખો બાળસમૂહ છે જે ફાઈવસ્ટાર હોટલોમાં છપ્પનભોગની મજા માણે છે જયારે બીજી બાજુ એક વિશાળ બાળ સમૂહ જે ગરીબ અનાથ છે તે જ હોટલો દ્વારા કચરામાં ઠલવાયેલ એઠવાડ ખાઈને ભૂખ મીટાવવા મજબૂર છે અને બાળકો જયારે બે ટંકનું ભોજન માટે કોઈ જગ્યાએ નોકરી માંગવા જાય છે ત્યારે અનેક બિનસરકારી સંગઠનો અને સરકાર પાસે તેઓને મજૂરી કરતા રોકવા માટેના અનેક તર્ક અને કારણો છે. પરંતુ આ બાળકોને મજૂરી કરવા મજબૂર કરતી પરિસ્થિતિ અને સંજોગોના મૂળમાં ઘા કરવાની વાત આવે ત્યારે બિન સરકારી સંગઠનો અને સરકાર બંને ઉણા ઉતરે છે. સરકારે બાળ મજૂરી વિરૂધ્ધ કાયદો તો બનાવી દીધો. પરંતુ બાળકોની જે રીતે કાળજી લેવી જોઈએ એ રીતે લેવાઈ છે ખરી?

આમ જનતાની પણ એટલી જ ફરજ અને જવાબદારી છે જેટલી સરકાર અને અન્ય સંગઠનોની છે.

બાળકોનો મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર ધારો (રાઈટ ટુ એજયુકેશન એક્ટ) ૨૦૦૯ બન્યો અને એપ્રિલ ૨૦૧૦થી તે અમલમાં છે. તેને આ મહિને ત્રણ વર્ષ પુરા થાય છે. ત્યારે આપણે એક વખત ફરી તેની જોગવાઈઓને મમળાવી લઈએ અને ઉપરોકત વિગતે બાળમજુરીની બાબતો અને તેને લઈ આપણા તથા આપણી આસપાસના બાળકો માટે કોઈ ચોકકસ કાર્યવાહી હાથ ધરી શકીશુ તો આ ધારાનો અમલ થઈ શકશે. અન્યથા આપણે જાણીએ છીએ તેમ અગાઉના તમામ કાયદા જેવી આ કાયદાની સ્થિતી થશે.

(૧) આ કાયદો તમામ પ્રકારની શાળાઓને લાગુ પડે છે.

(૨) ઉમરની સાબિતીના અભાવે બાળકને શાળા પ્રવેશનો ઈનકાર ન થઈ શકે.

(૩)શાળામાં પ્રવેશ મેળવ્યો ન હોય કે પ્રવેશ મેળવ્યા પછી અધવચ્ચે શિક્ષણ છોડી દીધુ હોય તેઓ તેની ઉમરના અનુરુપ ધોરણમાં પ્રવેશ મેળવવા હકકદાર છે.

(૪) બાળકને શાળા બદલવાનો અધિકાર છે.

**વિશ્વાસ એવી શકિત છે જે માનવીને જીવિત રાખે છે. વિશ્વાસનો અભાવ જ જીવનનું અવસાન છે.**

(૫) સામાન્ય રીતે શૈક્ષણિક વર્ષના આરંભે તથા લંબાવેલ સમય સુધીમાં કોઈપણ બાળક શાળામાં પ્રવેશ મેળવી શકે છે પરંતુ આ ધારા અનુસાર બાળક ઈચ્છે તો આવા લંબાવાયેલ સમય બાદ પણ શાળાઓ તેને પ્રવેશનો ઈન્કાર કરી શકાશે નહી.

(૬) આ ધારા હેઠળ બાળકને શારીરિક શિક્ષા કે માનસિક હેરાનગતી કરવા પર પ્રતિબંધ મુકાયેલ છે.

(૭) શાળાના સંચાલન માટે ખાનગી શાળા સિવાયની તમામ શાળાઓમાં શાળા વ્યવસ્થા સમિતી ફરજીયાત બનાવેલ છે.

(૮) પ્રાથમિક શિક્ષણનો તબકકો ૧ થી ૮ ધોરણનો છે અને તે માટે બાળક કે તેના વાલી પાસેથી કોઈ ફી વસુલ કરી શકાશે નહિ.

(૯) બાળક પ્રાથમિક શિક્ષણમાં દાખલ થાય પછી તેને રોકી શકાય કે બરતરફ કરી શકાય નહી તેમજ પ્રાથમિક શિક્ષણ પુરુ થતા સુધીમાં તેની ઉમર ચૌદ વર્ષ કરતા વધારે થઈ જાય તો પણ તેને આ કાયદાનો લાભ મળવાનો ચાલુ રહે છે.

(૧૦) પોતાના નજીકના વિસ્તારની શાળામાં તેમને પ્રવેશ મેળવવાનો અધિકાર છે જે વિસ્તારમાં શાળા ન હોય ત્યાં શાળા સ્થાપવા રાજય જવાબદાર છે.

(૧૧) શિક્ષકોને વસ્તી ગણતરી, આપતિ રાહત કે ચુંટણીઓને લગતી ફરજો સિવાય અન્ય બિનશૈક્ષણિક હેતુ માટેની સેવાઓ લઈ શકાશે નહી.

(૧૨) આ કાયદા હેઠળ બાળકના અધિકારને લગતી કોઈપણ ફરિયાદ સ્થાનિક સતામંડળને કરી શકાય છે.

(૧૩) શિક્ષકોના ખાનગી ટયુશન કે ખાનગી શિક્ષણ પ્રવૃતિ પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે.

(૧૪) ત્રણથી છ વર્ષ સુધીના બાળકોને પૂર્વ પ્રાથમિક શિક્ષણ પુરુ પાડવા રાજયને આ કાયદાથી જવાબદાર બનાવવામાં આવેલ છે.

ઉપર મુજબની કાયદાકીય જોગવાઈઓનો અસરકારક અમલ થાય તે માટે શિક્ષકોની ભૂમિકા, એસએમસી અને શાળા વિકાસ યોજના એ ત્રણ મહત્વના અંગો છે.

સ્થાનિક સમુદાયની સક્રીય સામેલગીરી આવશ્યક બને છે અને તેથી જ તે માટે બનેલ સ્કુલ મેનેજમેંટ કમિટીમાં સમુદાયના તમામ વર્ગના પ્રતિનિધિઓને સ્થાન આપવુ તેવી તેમાં જોગવાઈ હોવા છતાં પણ સ્થળાંતર કરતા કુટુંબના વાલીઓનો સમાવેશ ન થતો હોય તેમ જોવા મળે છે. જેથી બાળમજુરી વાળો પ્રશ્ન જેમનો તેમ અણ ઉકેલ રહે છે.

શાળા બહારના બાળકો માટે સર્વ શિક્ષા અભિયાનમાં બધી સુવિધા હોવા છતાં તે માટે પૂરતા પગલા લેવાતા હોય તો ચોકકસ આ બાળકોને બાળમજુરીથી બચાવી શકાય.

**જે પોતાની જાતને સુખી નથી માનતો તો તે કયારે સુખી નથી થતો.**

## એવી બાબતો જેના જાત અનુભવથી ફાયદો થશે

જીવન સાથે સંકળાયેલ એવા કેટલાંક સત્ય અથવા બાબતો છે, જેના વિષે કલાસરૂમમાં ભણાવાતું નથી. આ બાબતો વિષે જાણવા માટે કલાસરૂમની બહાર પગલાં ભરવા જરૂરી છે. આ બાબતો અંગે જાણો...

૧. સૌથી ખુબસુરત અનુભવ એ નથી કે સફળતા મેળવવી પણ, સફળતા સુધી પહોંચવું એ છે. તમારી સાથે સાથે લક્ષ્ય પણ આગળ વધે છે. લક્ષ્યને પ્રાપ્ત કરવાની સફરમાં શીખવા માટે કેટલીય નવી વાતો વિષે ખબર પડશે.

૨. દરેક વ્યકિતને કયારેકને કયારેક ખરાબ પરિસ્થિતિમાં ગુજરવું પડે છે. ત્યાં સુધી કે ખુશમિજાજ વ્યકિતએ પણ ખરાબ સ્થિતિનો સામનો કરવો પડે છે. પણ, તેઓ માટે આ સમસ્યાઓ હંગામી છે. આ સમય જલદી વીતી જશે.

૩. વિશ્વાસઘાત બેધારી તલવાર જેવો છે. દગો થતાં દુઃખ થાય છે સાથોસાથ, એ પણ પસ્તાવો થાય છે કે તમે એ વ્યકિત પર વિશ્વાસ કેમ મુકયો. પહેલા તમે તેની પર આરોપ લગાવો છો, પણ પછી પોતાની જાતને કસુરવાર ઠેરવો છો.

૪. આજ જે સત્ય છે, બની શકે છે કે તે કાલે જુઠમાં બદલાઈ જાય. જીવનમાં પરિવર્તન સતત આવતું રહે છે. આ તમામ પરિવર્તનને એ જ સ્થિતિમાં અપનાવી લો. જીવનને નદીની જેમ તેના પ્રવાહમાં આગળ વધવા દો અને તમે પણ તેની સાથે આગળ ચાલતા જાવો.

૫. ભુલ કર્યા પછી પોતાની જાતને માફ કરવા અંગે વિચારવું અને પોતાની જાતને ખરેખર માફ કરી દેવામાં ખૂબ જ અંતર છે. મેં તને માફ કરી દીધો છે તે કહેવું સરળ છે પણ, તે વાત પર વિશ્વાસ કરવો અને તેને અપનાવવું મુશ્કેલ છે.

૬. જીવન અનેક બાબતોને બેલેન્સ કરવાનું નામ છે. એક જ સમયે એકથી વધુ સંભાવનાઓ અને પડકારો તમારી રાહ જોઈ રહ્યા હોય છે. શકિત એ વાતમાં છુપાયેલી છે કે તમે રોજ તમારા માટે શું નિર્ણય કરો છો. જેનાથી કેટલીય બાબતોને બેલેન્સ કરવું સરળ બની જાય છે.

સુખ પતંગિયા જેવું ક્ષણિક છે એની પાછળ પડો એટલું વધારે દોડાવે પણ જો તમારું ધ્યાન બીજી બાબતોમાં પરોવશો તો આવીને હળવેથી તમારા ખભા પર બેસી જશે.

**— *કવિ કલાપી***

***તમે તમારા કાર્યમાં ઓતપ્રોત થઈને આગળ વધો એમાં જ તમારૂં ગૌરવ છે***

## આશાવાદી અભિગમ

અડધા ભરેલા ગ્લાસને અડધો ખાલી કહેનારનો અભિગમ નકારાત્મક છે જયારે એને અડધો ભરેલ કહેનારનો અભિગમ હકારાત્મક અને આશાવાદી છે. દરેક બાબતમાં આશાવાદી અભિગમ અને છેવટે બધુ સારું જ થવાનું છે એવી શ્રદ્ધા રાખનાર જીંદગી અને તંદુરસ્તી માણી શકે છે. તમે કાયમી દુઃખી હો તો એ તમારા મનને કારણે છો. બીજાના કંઈક કરવા કે ન કરવાથી તમારા કાયમી સુખ કે દુઃખ નિશ્ચિત નથી થતાં અને ન જ થવાં જોઈએ. તમારુ મન અને વિચારો તમને શાશ્વત શાંતિ અને સુખથી છેટા રાખે છે. શાશ્વત સુખ અને શાંતિ મનને કાયમ મળતી રહે એ માટે એને કેળવવું જરૂરી છે. યોગ અને

ધ્યાનના નિયમિત અભ્યાસથી મનને કેળવી શકાય છે જેથી એ તમારી અને શાશ્વત શાંતિની વચ્ચે અવરોધ ઉભા ન કરે. ક્ષુલ્લક બાબતો, નિરાશા અને દુર્ગુણોથી ઉપર ઉઠવાનું છે તો જ માનવીય ગુણો અને શકિતઓ સાચો વિકાસ થશે. સુખની ટેવ પાડો એ શાશ્વત છે.

બીજા કોઈ પણ સદગુણ કરતાં બીજાની વાત શાંતિથી સાંભળવાનો સદગુણ ઘણા થોડા માણસોમાં નજરે પડે છે.

**– ડેલ કાર્નેગી**

## સાધારણ સભા :–

અમરેલી જીલ્લા મહિલા ઔધોગિક સહકારી મંડળી લી. અમરેલીની વાર્ષિક સાધારણ સભા તારીખ ૧૯/૦૫/૨૦૧૩ના રોજ ૧૫ કલાકે રાખવામાં આવેલ છે.

નીચે દર્શાવેલ કાર્યસુચિ મુજબના કામકાજ માટે ૨૬, ઓમનગર(૩), હનુમાનપરા રોડ, ગોકુલ પાર્ક સામે, અમરેલી મુકામે મળશે તો તમામ સામાન્ય સભ્યોએ અચુક ઉપસ્થિત રહેવા વિનંતી છે.

**કાર્યસૂચિ**

૧. ગત સાધારણ સભાની કાર્યવાહી નોંધ વંચાણે લઈ બહાલી આપવા બાબત.
૨. વર્ષ ૨૦૧૨–૧૩ના વાર્ષિક હિસાબ, અંદાજપત્ર, આયોજન તથા વાર્ષિક અહેવાલની મંજુરી બાબત.
૩. વ્યવસ્થાપક કમિટીમાં થયેલ કાર્યવાહીને બહાલી આપવા બાબત.
૪. આગામી વ્યવસ્થાપક કમિટીની રચના
૫. અધ્યક્ષ સ્થાનેથી રજુ થાય તે

સહી–વી.વી. કુકવાવ
તા. ૩૦/૦૪/૨૦૧૩ મંત્રી

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

***તમે જે ધારો છો તે કરી શકો છો, તમારામાં સુષુપ્ત શકિતનો ભંડાર પડેલો છે***

## Engage on this month

| | |
|---|---|
| 6 | Team meeting at Amreli |
| 9 | Meeting with AIF at Ahemedabad |
| 24 | Meeting of senior staff with AIF and field visit |
| 24-26 | National seminars towards women safety by Swati at Ahemedabad |
| 26 | Orientation meeting for IHHL verification under CADP, Skill development training completed in this month: Shemla(Gondal) sewing, Laxminagar (Morbi) handicraft, Khandadhar (Gondal) Aribharat, Chhatar (Tankara) handicraft, Amrapara (Tankara) Sewing. |

## Happy birthday

| | | |
|---|---|---|
| 1. | Ashvin Dodiya | 12-05-1984 |
| 2. | Gopal Chudasma | 26-05-1985 |
| 3. | Hetal Joshi | 15-05-1980 |
| 4. | Ratilal Sondarva | 14-05-1973 |

## Believe in Yourself

You have to believe in your Dream you have to keep on going like a Stream in life you have to pass through many a test. For that You have to give Your best in the journey to achieve Your goal Hard work Plays an important role But You need to have Confidence in You to see That you Sail Smoothly through char Up ! There is nothing you can't achieve do you best you will have nothing to grieve.

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. Amreli/091/2012-14**
**Valid Upto 31/12/2014**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SskK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**દાન આપતી વખતે હાથમાં શું હતું એ નહિ, પણ દિલમાં શું હતું એ જોવાનું છે.**